**ગુજરાત સરકાર**
**નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,**
**સચિવાલય, ગાંધીનગર**
**તા:૨૪-૦૫-૨૦૧૮**

**<u>અધિસૂચના ક્રમાંક: એસએલએસ/૧૨૧૭/૦૧/ઇ</u>**

(૧)

વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સેવાના સીવીલ સંવર્ગના કાર્યપાલક ઇજનેર(સીવીલ) તરીકે વર્ગ-૧ માં ફરજ બજાવતા નિમ્ન નિર્દિષ્ટ પત્રકમાં આસન નં.૨ માં દર્શાવેલ કાર્યપાલક ઇજનેર(સીવીલ)ને જો તેમના કોઇ સીનીયર હોય તો તેમની સીનીયોરીટીના હકકો પ્રત્યે કોઇપણ પૂર્વગ્રહ વિના તેમના નામ સામે પત્રકના આસન નં.૪ માં દર્શાવેલ કચેરી હેઠળ/જગ્યા સામે પગાર સુધારણા-૨૦૧૬ ના પે મેટ્રીક્સ-૧૨ મુજબ પગાર ધોરણ રૂ.૭૮,૮૦૦ - ૨,૦૯,૨૦૦/-માં તદ્દન હંગામી ધોરણે અધિક્ષક ઇજનેર(સીવીલ), વર્ગ-૧ તરીકે બઢતીથી નિમણૂક આપવામાં આવે છે.

| ક્રમ | કાર્યપાલક ઇજનેર (સીવીલ)નું નામ | હાલની ફરજની જગ્યા / કચેરી | અધિક્ષક ઇજનેર(સી) તરીકે બઢતીથી નિમણુકની જગ્યા |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | શ્રી જી.એમ.ભગત | કલ્પસર યોજના અમલીકરણ એકમ, ભાવનગર | વિગતવાર નિમણૂંક હવે પછીથી આપવામાં આવશે. |
| ૨ | શ્રી એમ.જી.ધનગર | નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ(કલ્પસર પ્રભાગ), ગાંધીનગર | વડોદરા સિંચાઈ વર્તુળ, વડોદરા |
| ૩ | શ્રી વી.એમ.મહેતા | રાજકોટ સિંચાઈ વર્તુળ, રાજકોટ હેઠળ યોજના બાંધકામ વિભાગ નં.૩, રાજકોટ | ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર હેઠળ પ્રતિનિયુક્તિથી |
| ૪ | શ્રી બી.પી.સુતરીયા | સ.સ.ન.નિ.લિ. હેઠળ પ્રતિનિયુક્તિથી | સ.સ.ન.નિ.લિ. હેઠળ પ્રતિનિયુક્તિથી |
| ૫ | શ્રી સી.પી.સુતરીયા | સ.સ.ન.નિ.લિ. હેઠળ પ્રતિનિયુક્તિથી | સ.સ.ન.નિ.લિ. હેઠળ પ્રતિનિયુક્તિથી |

૨.૦ ઉપર ફકરા નં.૧ ના પત્રકના ક્રમ-૧(૫)માં દર્શાવેલ અધિકારી શ્રી સી.પી. સુતરીયા, કાર્યપાલક ઇજનેર(સીવીલ)ને સ્પેશીયલ(એ.સી.બી.) કેસ નં.૭/૧૯૯૮ માં સેશન્સ કોર્ટ, હિંમતનગર દ્વારા તા.૩૧/૦૩/૨૦૦૫ના ચૂકાદાથી નિર્દોષ ઠરાવેલ છે. જેની સામે સરકારશ્રી દ્વારા નામ. હાઇકોર્ટમાં ક્રિમિનલ અપીલ નં.૧૯૧૦/૨૦૦૫ દાખલ કરવામાં આવેલ છે. જે હાલ નામ. હાઇકોર્ટમાં પડતર છે. આથી ઉક્ત અપીલમાં નામ. હાઇકોર્ટનો જે ચુકાદો આવે તે ચુકાદાને આધીન શ્રી સુતરીયાને અધિક્ષક ઇજનેર(સીવીલ) વર્ગ-૧ ની જગ્યા પર શરતી બઢતીથી નિમણૂક આપવામાં આવે છે.

(૨)

આ વિભાગની ગુજરાત ઇજનેરી સેવાના સીવીલ સંવર્ગના કાર્યપાલક ઇજનેર(સીવીલ) તરીકે વર્ગ-૧ માં ફરજ બજાવતા નિમ્ન નિર્દિષ્ટ પત્રકમાં આસન નં.૨ માં દર્શાવેલ કાર્યપાલક ઇજનેર(સીવીલ)ને તેમની

સામે ખાતાકીય તપાસ ચાલુ હોવા છતાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨/૦૪/૧૯૮૩ અને તા.૩૦/૧૦/૧૯૯૩ ના ઠરાવ ક્રમાંક: એસએલટી/૧૦૮૦/૯૯૫/ગ.૨ ની જોગવાઇઓ મુજબ એડહોક ધોરણે ગુજરાત ઇજનેરી સેવા વર્ગ-૧ માં અધિક્ષક ઇજનેર(સીવીલ) તરીકે બઢતી આપીને તેમના નામ સામે પત્રકના આસન નં.૪ માં દર્શાવેલ કચેરી હેઠળ/જગ્યા સામે નિમણૂક આપવામાં આવે છે.

| ક્રમ | કાર્યપાલક ઇજનેર (સીવીલ)નું નામ | હાલની ફરજની જગ્યા / કચેરી | અધિક્ષક ઇજનેર(સી) તરીકે બઢતીથી નિમણૂકની જગ્યા |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | શ્રી એ. આર. ચૌધરી | સ.સ.ન.નિ.લિ. હેઠળ પ્રતિનિયુક્તિથી | સ.સ.ન.નિ.લિ. હેઠળ પ્રતિનિયુક્તિથી |

૩.૦ ઉપર્યુક્ત આપવામાં આવેલ એડહોક બઢતી નીચેની શરતોને આધિન રહેશે.

(અ) ઉપર્યુક્ત પત્રકમાં આસન નં.૨ માં દર્શાવેલ અધિકારીની બઢતી તદ્દન એડહોક ધોરણે રહેશે અને આવી બઢતીથી નિયમિત બઢતી માટે કોઇ હક પ્રાપ્ત થશે નહિ.

(બ) આવી બઢતી બીજા હુકમો ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે અને ગમે ત્યારે આવી એડહોક બઢતી રદ કરવા માટે અથવા તો સબંધિત અધિકારીને જે જગ્યાએથી બઢતી આપવામાં આવી છે તે મૂળ જગ્યાએ પરત હટાવવાનો સરકારશ્રીનો હક્ક અબાધિત રહેશે.

(ક) એડહોક બઢતીથી જે નિયુક્તિ સૂચવેલ છે તે.અધિકારીના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨/૦૪/૧૯૮૩ અને તા.૩૦/૧૦/૧૯૯૩ ના ઠરાવ ક્રમાંક: એસએલટી/૧૦૮૦ /૯૯૫/ગ.૨ ની જોગવાઇઓને આધિન રહીને આ બઢતી તદ્દન એડહોક રહેશે અને ખાતાકીય તપાસ પૂર્ણ થયે જો તેમને શિક્ષા કરવામાં આવે તો તેઓને મૂળ જગ્યાએ પરત હટાવવાના રહેશે.

(ડ) આવી એડહોક બઢતીથી નિયુક્તિ મેળવનાર અધિકારીએ પોતે, અધિકારીની બઢતી પહેલાંની કચેરી તેમજ બઢતીથી નિયુક્તિવાળી કચેરીએ તેમની સામેની હાલ ચાલુ/પડતર ખાતાકીય તપાસમાં આખરી નિર્ણય થયેથી તાત્કાલિક તેની જાણ સરકારશ્રીને કરવાની રહેશે.

૪.૦ ઉપરોક્ત હંગામી / એડહોક બઢતી નામ. સુપ્રિમ કોર્ટ, ગુજરાતની વડી અદાલતમાં પડતર ખાસ દિવાની અરજીઓ તેમ જ અન્ય અદાલતોમાં પડતર કોઇપણ દિવાની અરજીઓમાં નામ. સુપ્રિમ કોર્ટ, ગુજરાતની વડી અદાલત તેમ જ અન્ય અદાલતોના ચુકાદાઓને આધિન રહેશે.

૫.૦ સંબંધકર્તા કાર્યપાલક ઇજનેર(સીવીલ)શ્રીઓએ બઢતીની જગ્યાએ હુકમની તારીખથી સાત દિવસમાં હાજર થવાનું રહેશે, અને જો તેઓ નિયત સમય મર્યાદા પછી બઢતીની જગ્યાએ હાજર થશે તો બઢતીના સંવર્ગમાં પ્રવરતા ગુમાવશે.

૬.૦ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી/કચેરીના વડાઓએ સંબંધિત કાર્યપાલક ઇજનેર(સીવીલ)ને બઢતીની જગ્યાએ હાજર થવા તાત્કાલિક ફરજમુક્ત કરવાના રહેશે, અને તેઓને છૂટા કર્યાની તથા તેઓ હાજર થયાની જાણ તુરત જ વિભાગને કરવાની રહેશે.

૭.૦ જે કાર્યપાલક ઇજનેર(સીવીલ) સંવર્ગના અધિકારીઓને સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર તથા ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર હેઠળ પ્રતિનિયુક્તિના ધોરણે નિયુક્તિ

આપવામાં આવેલ છે. તેમના વિગતવાર નિયુક્તિના હુકમો નિયમે તાત્કાલિક કરીને તેની જાણ આ વિભાગને તેમજ સંબંધિત કાર્યપાલક ઇજનેર (સીવીલ) ને કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની અનુમતિ મેળવ્યા બાદ રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(હિમેશ ભારડીયા)**
**નાયબ સચિવ,**
**નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

---

ક્રમાંક: એસએલએસ/૧૨૧૭/૦૧/ઇ

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા
અને કલ્પસર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૪/૦૫/૨૦૧૮

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક. મંત્રીશ્રી(જ.સં.)(રવ.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(કલ્પસર)ના અંગત મદદનીશશ્રી, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ(ગ.ર શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર**(પત્ર દ્વારા)**.
- સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા (વાલ્મી), આણંદ.
- મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા (ગેરી), વડોદરા.
- વિભાગ હેઠળના સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર.
- જનરલ મેનેજરશ્રી(પર્સોનલ), સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર.
- સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી(સીવીલ) **(વર્તુળ કચેરી મારફત)**.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/વડોદરા.

- સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.
  - ઉક્ત અધિસૂચના સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા અને તેની નકલ આ વિભાગને મોકલી આપવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી,ઇ.ર, ઇ.૩, ઇ.૪, ઇ.૪ સેલ, ઇ.૬, ગ, ગ.૧, ગ.૨ શાખા, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, HRMS Cell, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, એમ.આઇ. સેલ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર(વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ).
- નાયબ સેક્શન અધિકારીની સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

**(આઇ. પી. પટેલ)**
**સેક્શન અધિકારી,**
**નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**